પરિપત્ર:

વિષય: વર્ષ: ૨૦૨૫-૨૬ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ ફુડબીલ સહાય/ સાધન સહાય/એમ.ફીલ-પીએચ.ડી સહાય/ ITI સ્ટાઇપેન્ડ/ ખાનગી ટ્યુશન સહાય(વિ.પ્ર.)/ ટેબલેટ સહાય યોજનાઓનાં બાકી રહેલ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજી Digital Gujarat Portal મારફત કરવા બાબત તથા Head Of Institute (HOI) ની વિગતો ભરી આપવા બાબત.

સંદર્ભ: ૧) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૩૭૭/૨૦૨૫, તા.૨૧/૦૭/૨૦૨૫.
૨) નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, જૂનાગઢનો પત્ર ક્રમાંક નાનિ/અજાક/પો.મે.શિ./૨૦૨૫-૨૬/૧૬૩૫, તા.૨૨/૦૮/૨૦૨૫.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સિસ્ટમ)થી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ માં અભ્યાસ કરતાં અનુ.જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને Digital Gujarat Portal પર ઓનલાઇન અરજીઓ કરાવવા અંગે સંદર્ભદર્શિત પત્ર ક્રમાંક ૨ દ્વારા જાણ કરવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી માત્ર ૧૦ ટકા વિદ્યાર્થીઓએ જ ઓનલાઇન અરજી કરેલ છે જેની ગંભીરતા ધ્યાને લઇ અનુસૂચિત જાતિનાં બાકી રહેલ વિદ્યાર્થીઓ પાસે ઓનલાઇન અરજી કરાવી તા.૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, જૂનાગઢ ને ઓનલાઇન એપ્લિકેશન અને હાર્ડકોપી સહિતની દરખાસ્તો તાત્કાલીક કરવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે આપશ્રીની કોલેજના Head Of Institute (HOI) ની વિગતો ભરી નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, જૂનાગઢ ને ફોર્મ તાત્કાલીક મોકલી આપવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: Head Of Institute (HOI) ની વિગતો ભરવી ફરજીયાત છે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

Bhakta Kavi Narsinh Mehta University
SCHOLARSHIP
Junagadh

કા.કુલસચિવ

બિડાણ:-
- સંદર્ભ ક્રમાંક ૨ ની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૪૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૬/૦૮/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

અગત્યનું/તાત્કાલિક/સમય મર્યાદા

નં.નાનિ/અજાક/પો.મે.શિ./૨૦૨૫-૨૬/૧૬૩૫
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં.૧/૩, બહુમાળી ભવન,
સરદારબાગ, જૂનાગઢ
ફોન.નં.૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખઃ- ૨૨/૦૮/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ)
..............................................................
..............................................................
.................................................જિ.જૂનાગઢ

વિષયઃ વર્ષઃ ૨૦૨૫-૨૬ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી તાત્કાલીક કરવા બાબત અને સંસ્થાઓ/શાળાઓ/કોલેજોએ HOI ની વિગતો તાત્કાલીક ભરી ફોર્મ અત્રેની કચેરીને મોકલવા બાબત.(https://www.digitalgujarat.gov.in)

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ:૨૦૨૫-૨૬ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી DBT દ્વારા ચૂકવણું કરવાનુ થાય છે.

ડીઝીટલ ગુજરાત પોર્ટલમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની ઓનલાઇન અરજી કરવાની તા.૩૧/૦૮/૨૦૨૫ છે. જેની જાણ અમોએ અત્રેની કચેરીના તા.૧૬/૦૭/૨૦૨૫ના પરિપત્રથી તમામ શાળાઓ/કોલેજોને જાણ કરેલ છે. આમ છતાં હજુ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી માત્ર ૧૦ ટકા વિદ્યાર્થીઓએ જ કરેલ છે. જે ગંભીરતા લઇ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસે ઓનલાઇન અરજી કરાવી અત્રેની કચેરીમાં ઓનલાઇન એપ્લીકેશન અને હાર્ડકોપી સહિતની દરખાસ્તો તાત્કાલીક કરવા જણાવવામાં આવે છે. જેથી શિષ્યવૃતિનું ચુકવણુ સમય મર્યાદામાં કરી શકાય. તેમજ શાળા/કોલેજોએ HOI ની વિગતો ભરી અત્રેની કચેરીને ફોર્મ તાત્કાલીક મોકલી આપવા જણાવવામાં આવે છે. <u>**વડી કચેરી દ્વારા HOI ની કામગીરી ૧૦૦ ટકા તાત્કાલીક પુર્ણ કરવા સૂચના મળેલ છે. આમ, HOI ની વિગતો ભરવી ફરજીયાત છે. જેની નોંધ લેવી.**</u>

**Hol (Head of Institute) / INO(Insitute Nodal Officer)ના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના(BCK-6.1) અંતર્ગત તમામ Hol/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.



Scanned by Scanner Go

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ વ્યક્તિઓનુ Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Development already કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને HoIનું આ બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે. (શાળાઓ પોતાના લોગીનમાં "Student Register ➔ Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ તથા કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin ➔ Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ HoIની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકશે.)

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને ઉક્ત ફોર્મ ફરજિયાત ભરવાનું રહેશે.

ઉકત તમામ કામગીરીની ગંભીરતા લઇ તાત્કાલીક પુર્ણ કરવાની રહેશે. અન્યથા આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

(પી.ડી.સરવૈયા)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોલેજોને ઉક્ત પરિપત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત પરિપત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.

(૪) રજીસ્ટ્રારશ્રી, ડો.સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ

(૫) રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ



Scanned by Scanner Go